# મહાનિબંધનો સારાંશ

(SYNOPSIS)

## પ્રકરણ પહેલું : "વ્યક્તિપરિચય" :

1 ઠાકોરના પૂર્વજો અને ઠાકોર – ઠાકોરનાં કેળવણી, ઉછેર, આરોગ્ય વગેરેમાં તેમના પિતાએ લીધેલો રસ, ઠાકોરના પરદેશગમન માટેના પ્રયત્નો – ઠાકોર અને તેમના પિતા વચ્ચે આચારવિચારવલણોનું કેટલુંક સામ્યવૈષમ્ય – ઠાકોરનાં પત્નીના સીમંતપ્રસંગે તેમના પિતા અને તેમની વચ્ચે જાગેલો મતભેદ અને તેનું સમાધાન – ઠાકોરનું પ્રારંભિક કટુતાયુક્ત અને તે પછીનું પ્રસન્નતાયુક્ત દાંપત્યજીવન, પત્નીને ભણાવવા અને કેળવવા માટે ઠાકોરે કરેલા પ્રયત્નો ; ઠાકોરની અભ્યાસકાલીન આદર્શઘેલછા, દેશસેવાભાવના, સમાજસુધારણાવૃત્તિ, તેમનાં લગ્નવિષયક અને સંસારવિષયક વલણો ; પોતાના સંસાર અને પોતાની આદર્શભાવના વચ્ચે તેમના ચિત્તની તત્કાલીન દ્વિધાગ્રસ્તતા ; પ્રણયના વિચારો અને અભ્યાસની નિષ્ઠા વચ્ચે અટવાયેલું તેમનું ચિત્ત – ઠાકોર અને તેમનાં માતુશ્રીની એકબીજા પ્રત્યેની લાગણીઓ ; ઠાકોરનાં માતુશ્રીનું પુત્રવધૂ પ્રત્યેનું વલણ ; એ વલણ પ્રત્યે ઠાકોરના પ્રત્યાઘાતો

2 ઠાકોરના સમાજસુધારાવિષયક વિચારો : ઠાકોરના જીવનમાં બનેલા, તેમનાં સમાજસુધારણાવિષયક વલણોને વ્યક્ત કરનારા બનાવો – ખોટા સામાજિક રીતરિવાજો અને એને ખાતર થતા ખોટા ખરચા, જ્યોતિષશાસ્ત્ર અને પ્રારબ્ધવાદ, વિધવાવિવાહ, વિધવાઓને માટે શિક્ષણની વ્યવસ્થા, સ્નેહલગ્ન અને દેહલગ્ન, પાશ્ચાત્ય લગ્નસંસ્થા અને આપણી લગ્નસંસ્થા, સ્ત્રીઓ માટે તેમના વિશિષ્ટ જીવનક્રમ અનુસારના વિશિષ્ટ અભ્યાસક્રમો યોજવાની ને તદનુરૂપ શિક્ષણસંસ્થાઓ સ્થાપવાની આવશ્યકતા, આપણા સમાજમાં સ્ત્રીનું ગૃહિણી તરીકેનું ઇષ્ટ સ્થાન ; વ્યક્તિવિકાસ અને વ્યક્તિ–

સ્વાતંત્ર્યની પાશ્ચાત્ય ભાવના અને તેનાં વિવિધ પરિણામો, પશ્ચિમમાં સ્ત્રીનું સ્વાવલંબી વ્યાવસાયિક અને આર્થિક જીવન અને તેની ત્યાંના શેરીજીવન સમાજજીવન ઉપર તથા વિશેષે કુટુંબજીવન પર પડેલી વિઘાતક અસરો ; પાશ્ચાત્ય કુટુંબજીવન અને સમાજબંધારણની તુલનાએ આપણાં કુટુંબજીવન અને સમાજબંધારણનું ચઢિયાતાપણું ; આપણા સમાજની "ત્રણ જંગલિયતો" ; સ્ત્રીસ્વાતંત્ર્યની ભાવના (અને તેનું ઠાકોરની કાવ્યકૃતિઓમાં નિરૂપણ), બ્રહ્મચર્યપાલનનો મહિમા અને અન્ય આનુષંગિક મુદ્દાઓ ; જ્ઞાતિસંસ્થા, એ સંસ્થામાં સમયોચિત સુધારણાઓની આવશ્યકતા, એ સંસ્થાની સેવા કરવા માટેના કેટલાક માર્ગો અને આદર્શો :- એ વિષયો ઉપરનું ઠાકોરનું ચિંતન ; ઠાકોરના ચિત્તમાં તેમના વિદ્યાર્થીકાળ દરમ્યાન થયેલો તેમના જ્ઞાતિસુધારાવિષયક વિચારોનો બીજનિ:ક્ષેપ ; "બ્રહ્મક્ષત્રિય"માં પોતાની જ્ઞાતિ વિષે તેમ જ જ્ઞાતિસંસ્થાના સામાન્ય વિષય પર તેમણે લખેલા લેખો, તેમણે કરેલી જ્ઞાતિસેવાનું સ્વરૂપ તથા જ્ઞાતિ-સુધારણા વિષેના તેમના આદર્શનું સ્વરૂપ

3 રાજકારણના વિષય અને ક્ષેત્ર પ્રત્યે ઠાકોરે તેમના અભ્યાસકાળ દરમ્યાન તદ્વિષયક સામયિકોના વાચન દ્વારા તેમ જ તદ્વિષયક ચર્ચાસભાઓમાં સક્રિય ભાગ લઇને દાખવેલો રસ - "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા" અને "ઇંડિયન સ્પેક્ટેટર"માંની ઠાકોરની કામગીરી - ગોખલે, ટિળક, દાદાભાઇ, રાનડે, ફિરોજશાહ, અંબાલાલભાઇ, ગાંધીજી, સરદાર પટેલ, નહેરૂ, (તથા ન્હાનાલાલ, અખંડાનંદ, પઢિયાર) પ્રતિ ઠાકોરનાં વલણો - કોંગ્રેસ અને સ્વાતંત્ર્યચળવળ વિષે તેમ જ એ ચળવળના પ્રભાવ નીચે આવેલા ત્યારના જમાના વિષે અને ત્યારના લોકો વિષે ઠાકોરનાં મંતવ્યો - બ્રિટિશ શાસનની હિતકારકતાની ઠાકોરે વારંવાર મુક્તકંઠે કરેલી પ્રશંસા-

ઠાકોરની રાજકીય વિચારશ્રેણિની તેમના સાહિત્યવિવેચન પર પડેલી અસર – દેશભક્તિભાવનાના અનુલક્ષમાં આર્થિક વ્યાવસાયિક લાભાલાભના હિસાબ માંડનારી, ઠાકોરની, (એક પ્રસંગે વ્યક્ત થયેલી) વ્યવહારવૃત્તિ – દેશ પ્રત્યેની ફરજો કરતાં કુટુંબકબીલા પ્રત્યેની ફરજોને અગ્રિમ અગત્ય આપનારુ ઠાકોરનુ (બીજા એક પ્રસંગે વ્યક્ત થયેલું) દૃષ્ટિબિંદુ – "અહિંસા" વિષે ઠાકોરનુ વિશિષ્ટ દૃષ્ટિબિંદુ – લોકશાહીની ઠાકોરે ચર્ચેલી ગુણદોષવત્તા – રાજાશાહી અને સામંતશાહી વિષે ઠાકોરનુ દૃષ્ટિબિંદુ – હિંદની સ્વાતંત્ર્ય ચળવળના ઇતિહાસમાં મુસ્લિમોએ ભજવેલા વિઘાતક ભાગ વિષે ઠાકોરનો મત – મૂડીવાદ, માર્ક્સ, સામ્યવાદ વિષે ઠાકોરના વિચારો – ઠાકોરનાં વિશ્વવિગ્રહવિષયક કાવ્યોમાં વ્યક્ત થયેલાં તેમનાં વિચારવલણો ; વિશ્વની સાંપ્રત પરિસ્થિતિઓ અને સમસ્યાઓ પ્રત્યે એ કાવ્યોમાં વ્યક્ત થયેલી તેમની હાર્દિક અભિજ્ઞતા – ઠાકોર, એક "લિબરલ" "આર્મચેર પૉલિટિશિયન" તરીકે – ઠાકોરનાં રાજકીય વલણોને ઘડનારા તેમના ગુરુઓ – ઠાકોરની રાજકીય વિચારધારા પર અસર પાડનાર અન્ય વ્યક્તિઓ, તથા પુસ્તકો

૪ ઇતિહાસના વિષયમાં ઠાકોરને છેક તેમના વિદ્યાર્થીકાળથી રસ હતો તે દર્શાવનારી તેમના એ આયુષ્યગાળાની કેટલીક હકીકતો – અભ્યાસેતર પરંતુ વિદ્યાના સજીવન વ્યાસંગરૂપ કહેવાય તેવી પ્રવૃત્તિઓમાંનો ઠાકોરનો તત્કાલીન સક્રિય રસ – ઇતિહાસના અધ્યાપક તરીકેની તેમની દીર્ઘ કારકિર્દી – પૂના નિવાસ દરમ્યાન તેમને થયેલું મરાઠી પ્રજા, "મરાઠી ઇતિહાસ", "મરાઠી વિક્રમ"નું આકર્ષણ ; મરાઠી ઇતિહાસમાં તેમણે કરેલું સંશોધન – અજમેર નિવાસ દરમ્યાન મુસ્લિમ રાજ્યકાળ અને મુગલ સામ્રાજ્યનાં ઐતિહાસિક પરિબળોના

વધુ વિશાળ અભ્યાસક્ષેત્રમાં પ્રવેશવાની ઠાકોરને મળેલી તકો – અશોકના મૃત્યુથી હર્ષવર્ધનના સમય લગીના ઇતિહાસમાં ઠાકોરની વ્યુત્પન્નતા – ઠાકોર, ઇન્ડિયન હિસ્ટોરિક રેકર્ડ્ઝ કમિશનના સભ્યપદે અને ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૨૦ના અધિવેશનના ઇતિહાસવિભાગના અધ્યક્ષપદે – ઠાકોરના પિતાનો ઇતિહાસમાં અને રજવાડાંમાં રસ, ઠાકોર પર એની અસર – ઠાકોરે તેમનાં જુદાંજુદાં લખાણોમાં ચર્ચેલા ઇતિહાસસંબંધી વિષયો, એમાંથી ઊભી થતી ઠાકોરની ઇતિહાસકાર તરીકેની નહીં પણ ઇતિહાસ-અભ્યાસક અને ઇતિહાસવિચારક તરીકેની છાપ – ઠાકોરનો મુગલો પ્રત્યે, વિશેષતઃ અકબર પ્રત્યે આદરભાવ – એ જ પ્રમાણે તેમનો અંગ્રેજો પ્રત્યેનો આદરભાવ – પ્રતાપ અને શિવાજી પ્રત્યેનાં ઠાકોરનાં વલણો – પાશ્ચાત્ય પ્રજાઓએ રાજકીય, ઔદ્યોગિક વગેરે ક્ષેત્રોમાં તથા ધર્મસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય, ન્યાયપ્રતિષ્ઠા, માનવપ્રતિષ્ઠા વગેરેની દિશાઓમાં સાધેલી સ્પૃહણીય પ્રગતિ વિષે તથા એ પ્રજાઓના સંપર્કે અન્ય પ્રજાઓમાં એ બાબતો પરત્વે પડેલા પ્રભાવ વિષે ઠાકોરનાં મતવ્યો – પ્રજાસ્મિતા, હિંદુ પ્રજાસ્મિતા, મુસ્લિમ પ્રજાસ્મિતા વિષે ઠાકોર – આપણી વર્ણવ્યવસ્થા, જ્ઞાતિ-વ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થાના ઇતિહાસ વિષે ઠાકોર – શુદ્ધ શાસ્ત્રીય ઇતિહાસ અને અશુદ્ધ અશાસ્ત્રીય ઇતિહાસ વિષે, પરશુરામ અને નરસિંહ મહેતાની અનૈતિહાસિકતા વિષે, સાહિત્ય અને ઇતિહાસના સંબંધ વિષે ઠાકોર ; ઠાકોરની સાહિત્યદૃષ્ટિ પર તેમની ઇતિહાસ-દૃષ્ટિની અસર – ઠાકોરનાં કેટલાંક વિવાદાસ્પદ ઇતિહાસવિષયક વિધાનો : "બ્રિટિશયુગમાં મુસ્લિમયુગ", અમેરિકી સ્વાતંત્ર્યસંગ્રામ, અમેરિકી નેતાઓ અને તેમનાં કાર્ય વિષે ઠાકોરનો અભિપ્રાય – ઠાકોર, "પોલિટીકલ ઇકોનોમી"ના અધ્યાપક તરીકે – રાજકારણ

અને અર્થકારણના પારસ્પરિક સંબંધ વિષે તેમ જ ઇતિહાસવિદ્યામાં રાજપ્રકરણી બનાવો કરતાં અર્થકારણના બનાવોની વધતી અગત્ય વિષે ઠાકોર – આપણા દેશના ઔદ્યોગિક વિકાસનો તથા તેનાથી સંભાવ્ય બનતા માનવમૂલ્યો અને માનવહક્કોના હ્રાસના નિવારણનો ઠાકોરે કરેલો અનુરોધ

૫ આપણી પ્રજાના "ઐક્યાનુભવ" વિષે, આપણી પ્રજાની "પ્રજાસ્મિતા"ની ભાવના વિષે, મરાઠી પ્રજાની પ્રશસ્ય વિશેષતાઓ વિષે, ગુજરાતી પ્રજાની કેટલીક ખામીઓ વિષે, "બૃહદ્ ગુજરાત" વિષે, ગુજરાત બહાર વસતી ગુજરાતી પ્રજાની સેવાનાં ક્ષેત્રો વિષે ઠાકોરનાં મંતવ્યો – પૂનાના "ગુજરાતી બંધુ સમાજ" તથા એ સંસ્થાના અગ્રણી કાર્યકર શ્રી જ. પી. ત્રિ. વિષે ઠાકોરનાં મંતવ્યો, ઠાકોરે એ સંસ્થાના આશ્રયે કરેલું અને કરવા ધારેલું કાર્ય – આપણા દેશના વિકાસની બાબતમાં પણ ઠાકોરે અનુરોધેલું "વિભાગીય વિકાસ દ્વારા સામૂહિક કે સામગ્રિક વિકાસ"નું સૂત્ર ; કેન્દ્રીય સાર્વભૌમ તંત્ર સ્વતંત્ર પ્રાંતરૂપ એકમોના સંઘનું સંયોજક તંત્ર બને એવી ભારતની રાજકીય વ્યવસ્થાની ઠાકોરે કરેલી તરફેણ ; ઇલાકાઓને બદલે ભાષાવાર પ્રાંતરચનાની ઠાકોરે કરેલી હિમાયત – અંગ્રેજી માધ્યમવાળી, રાજ્યસત્તાધીન, ઇલાકાવાર વિદ્યાપીઠોને સ્થાને "રાજસત્તા અને પ્રજાપ્રતિનિધિઓના સંયુક્ત સહકારવાળી, પ્રાંતભાષાના માધ્યમવાળી પ્રાંતવાર વિદ્યાપીઠો"ની રચનાની ઠાકોરે કરેલી હિમાયત ; ઠાકોરે ગણાવેલા માતૃભાષામાધ્યમના ફાયદા – ઉત્તર હિંદ અને દક્ષિણ હિંદ વચ્ચેનું અંતર નિવારવા ઠાકોરે જણાવેલી પાંચભાષાઓના શિક્ષણની યોજના, એ યોજનાના બીજા લાભ – વિશ્વબંધુત્વવાદી ઠાકોરનો "અદ્યતન કેળવણી"નો તથા એવી કેળવણી

પ્રમાણે ઘડાયેલાં માનસ અને પ્રજાને વિષેનો આદર્શ - પ્રાથમિક કેળવણી, માધ્યમિક કેળવણી, ઉચ્ચ કેળવણી, મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયની સ્થાપના, વિશ્વવિદ્યાલયના શિક્ષકો અને વિદ્યાર્થીઓ, આદર્શ અધ્યાપનપદ્ધતિ વિષે ઠાકોરના વિચારો - ઠાકોરના ખ્યાલ મુજબના ત્રણ પ્રકારના શિક્ષકો - પૂના ડેક્કન કોલેજમાં ઠાકોરની શિક્ષક તરીકેની લાયકાતને ફેંકાયેલો એક પડકાર, ઠાકોરે વાળેલો તેનો ઉત્તર - પરીક્ષકો અને પરીક્ષાપદ્ધતિ વિષે ઠાકોરના વિચારો, એને અંગેના તેમના અનુભવો - પરીક્ષાનાં પરિણામો અને શિક્ષકના "અંતર્યામી" વિષે ઠાકોર - અભ્યાસ-વિષયોના વધુ ને વધુ ભાગ પાડતા જવાની, વિભાગે વિભાગે વધુ ને વધુ ઝીણવટભર્યાં પાંડિત્યને અપેક્ષવાની તથા અભ્યાસક્રમનાં વર્ષો વધાર્યે જવાની પ્રવૃત્તિઓ ઉપર ઠાકોરની ટીકા - પશ્ચિમના મોહથી બચવાની ઉચ્ચાભ્યાસી વિદ્યાર્થીઓને ઠાકોરની ચીમકી - કાઠિયાવાડના વેરવિખેર શિક્ષણક્ષેત્રસંબંધી તેમ જ ત્યાંનાં ગામડાંની શાળાઓના કીમતી પુસ્તકસંગ્રહો સંબંધી ઠાકોરનાં મંતવ્યો ; કાઠિયાવાડ એજન્સીના કેળવણી ખાતામાં શિક્ષણાધિકારી તરીકેની ઠાકોરની કામગીરી, એ દરમ્યાન તેમને થયેલા કેટલાક અનુભવો, એ દરમ્યાન તેમના શિક્ષણવિષયક વિચારોમાં થયેલા ફેરફારો - કાન્તના "શિક્ષણનો ઇતિહાસ"માં ઠાકોરનું સહકર્તૃત્વ ; શિક્ષણવિષયક પ્રવૃત્તિઓમાં ઠાકોરનો રસ

૬ જનસમાજના બહુલક્ષી ઉત્કર્ષને માટેની ઠાકોરની અભીપ્સા - કોલેજિયન ઠાકોરમાં માનવતાવાદ, સદસદ્વિવેક, આત્મપરીક્ષણવૃત્તિ, પરાર્થઘટક થવાની વૃત્તિ - કોલેજિયન ઠાકોરમાં ઇશ્વરસ્વીકાર તથા ધર્માભિમુખતાનાં અને ઇશ્વરવિરોધ તથા ધર્મવિરોધિતાનાં દ્વિવિધ વલણો - પૂર્વવયમાં અદ્વૈતવાદને માનનારા ઠાકોર ; તેમની

કૃતિઓમાં એ વાદની અસરો – ધર્મ, ધર્માંધ જેહાદો, હિંદુ ધર્મ, અવતારકથાઓ, ભક્તિભાવના, મૂર્તિપૂજા, આપણાં ધાર્મિક ઉત્સવો અને રૂઢિઓ તથા રહસ્યવાદાદિ વિચારપ્રણાલિકાઓ વિષેનાં ઠાકોરનાં મંતવ્યો – ઠાકોરની ઉત્તરાયુષ્યની અજ્ઞેયવાદી વિચાર-ધારા ; એ વિચારધારાને ઘડનારી વ્યક્તિઓ અને ફિલસૂફીઓ ; બિનંગત શાસ્ત્રીય ઐતિહાસિક સમગ્ર દૃષ્ટિએ બુદ્ધિપ્રમેય સ્પષ્ટ પ્રમાણોને આધારે સત્યાસત્યવિષયક નિર્ણયો લેવાની ઠાકોરની દૃષ્ટિની તેમની એ વિચારધારા પર પડેલી વિધાયક અસર ; બુદ્ધિ વિરુદ્ધ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા વિષે ઠાકોરના પ્રત્યાઘાતો – પ્રજાઓના લૌકિક ઇતિહાસોમાં એમનાં મિથ્યાભિમાનને પોષનારી દંતકથાઓ, ચમત્કારકથાઓ ; સત્યાંધ દૃષ્ટિએ એ કથાઓને ધર્મનું અને સત્યનું સત્ત્વ માની લેનારી પ્રજાઓ ; ઐતિહાસિક તર્કશ્રદ્ધેય દૃષ્ટિના વિકાસ વડે પ્રજામાનસના એવા દોષોની શક્ય બનતી નિવારણા ; જ્યોતિષ, કર્મવાદ, પ્રારબ્ધવાદની વિઘાતકતા ; આપણા ધર્મગુરુઓ ; તેમણે આદેશેલી પરલોકપરાયણ આધ્યાત્મિકતાની ઐહિક અહિતકારકતા, એના પરિણામરૂપે સમાજના નિમ્નકોટિક દુ:ખિયારા જનવર્ગની ભૌતિક સુખાકારી પ્રત્યે ઉપલા વર્ગોએ સેવેલી અધમ ઉદાસીનતા ; રાષ્ટ્રસમસ્તના એકાત્મક બહુલક્ષી વિકાસને પ્રેરનારા, વર્ગવર્ગ વચ્ચેની વિષમતા ટાળીને અને બંધુભાવ જગાડીને બધા વર્ગોનો સમાન એકાત્મક ઉત્કર્ષ સાધનારા પુરુષાર્થપ્રબોધક આધુનિક પરમ માનવધર્મ વિષે તથા અન્ય આનુષંગિક બાબતો વિષે ઠાકોરના વિચારો – દયાનંદ સરસ્વતીનાં વેદાર્થઘટનો, ગીતા અને ગીતોદ્ગાતા કૃષ્ણ, ઉપનિષદો, સાયણમાધવનાં ભાષ્યો, યાસ્કનું નિરુક્ત, બ્રાહ્મણગ્રંથો, મહાભારત, અરવિંદની યોગશક્તિની વિશ્વપ્રભાવકતા વગેરે વિષે ઠાકોરના પ્રત્યાઘાતો – સ્વર્ગનરકની વિભાવનાએ સધાયેલી પુરાકાલીન

નીતિભાવના સામે આજની વૈજ્ઞાનિક વિચારસરણીએ પ્રબોધેલી આધુનિક નીતિભાવના વિષે ઠાકોરની માન્યતા – માનવસંસ્કૃતિના ભાવિ વિકાસ અંગે ઠાકોરનો શ્રધ્ધાવાદ ; સંસ્કૃતિના પાલનપોષણમાં ધર્મને નિષ્ફળતા સાંપડ્યે તેનું સ્થાન સાચવવાના કવિતાકલાના સામર્થ્યમાં ઠાકોરનો વિશ્વાસ – અજ્ઞેયવાદી વિચારસરણી અંગે ઠાકોરને અંબુભાઇ પુરાણી, સુંદરમ્ વગેરે સાથે થયેલા પત્રવ્યવહારમાં ચર્ચાયેલા મુદ્દાઓ – ઠાકોરની પ્રાણાયમપ્રવૃત્તિ, ઠાકોરની અંતકાલીન જનસેવાભાવના – અજ્ઞેયવાદી સિધ્ધાંત ઉપર આવવાની ઠાકોરની પધ્ધતિમાંની ત્રુટિઓ ; એમનાં વિચારવલણનાં આજના યુગમાં ઉપકારક ગણાય તેવાં પાસાં

⑦ ઠાકોરની પ્રારંભકાલીન સાહિત્યસાધના – હાઇસ્કૂલના કાવ્યવાચનના કાર્યક્રમોમાં તેમણે લીધેલો સક્રિય ભાગ – બાળપણમાં તેમણે કરેલું લોકકથાઓનું શ્રવણ – તેમનું પ્રથમ પ્રકાશન : "વિધવા વિવાહ સશાસ્ત્ર કે અશાસ્ત્ર" ; ધીમતરામ પંડ્યા દ્વારા નવલરામ પંડ્યાનો તેમને થયેલો સંસર્ગ, નવલરામની તેમને મળેલી સલાહ – ઠાકોરનું એક સૌથી જૂનું પ્રાપ્ય ગુજરાતી કાવ્ય તથા એક અંગ્રેજી કાવ્ય – "ડેક્કન કોલેજ ક્વોર્ટર્લી"નું સંપાદન અને તેને માટે તેમણે લખેલો તેમનો પહેલો વિવેચનાત્મક લેખ – ટેનીસન, વર્ડ્ઝવર્થ, મિલ્ટન, શેક્સપિયર, આર્નોલ્ડ, શેલી, વગેરે આંગ્લ કવિઓની કવિતાનું ઠાકોરે કરેલું વાંચન અને એ કવિતા વિષે તેમણે કરેલી વિવેચનાત્મક વિચારણા – કાન્ત સાથે મૈત્રીનો આરંભ, કાન્ત સાથે પશ્ચિમના કવિઓની કવિતાનું વાંચન, એ કવિતા વિષે કાન્ત સાથે ચર્ચાવિચારણાઓ – નવલરામના મૃત્યુ-પ્રસંગે ઠાકોરે લખેલું એક કાવ્ય, એ જ અરસામાં એમણે લખેલું એક બીજું પ્રકૃતિવિષયક કાવ્ય – કાન્ત સાથે પોતાનાં કાવ્યો વિષે ઠાકોરની ચર્ચાઓ – કાન્ત અને ઠાકોરનાં એકબીજાનાં કાવ્યો તથા વિવેચના-સૂઝ વિષેનાં ગુણાનુરાગી મતવ્યો – ઠાકોરની તત્કાલીન સિસૃક્ષા,

એમનો તત્કાલીન સર્જનવ્યાપાર ; ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારો તરફની તેમની તત્કાલીન સંપ્રજ્ઞતા ; પોતાની સર્જનશક્તિ વિષેનો ઠાકોરનો તત્કાલીન મત – ફિલસૂફીના વિષયમાં પોતાના કરતાં કાન્તની વિશેષ સૂઝનો ઠાકોરે ત્યારે કરેલો સ્વીકાર – કાન્તની તત્કાલીન વિકસિત સર્જનશક્તિ સાથે ઠાકોરની તત્કાલીન વિકાસાર્થિની સર્જનશક્તિની તુલના – કાન્તની ઉચ્ચમૂલ્ય સર્જનપ્રવૃત્તિના આરંભકાલને પોતાની સર્જનપ્રવૃત્તિના આરંભકાળની પાછળ ઠેલવા કે પોતાની સર્જનપ્રવૃત્તિના આરંભને કાન્તની સર્જનપ્રવૃત્તિના આરંભનો સમકાલીન ઠરાવવા ઠાકોરે કરેલા પ્રયત્નો ; "આરોહણ" પર કાન્તની વિષયગત અસરનો ઠાકોરે કરેલો ઇન્કાર, (કાન્તની બીજી કેટલીક સામાન્ય રૂપની અસર એ કાવ્ય ઉપર હોવાનો તેમણે કરેલો સ્વીકાર) ; કાન્તમાંથી પોતે કશું પણ કેમ ન લીધું તેના ઠાકોરે આપેલા ખુલાસા, ઠાકોરે જણાવેલી કાન્ત પરની પોતાની અસરો ; મિસીઝ બ્રાઉનિંગનાં સોનેટોના અનુવાદોને બિનસોનેટ રૂપમાં ફેરવી નાખનાર કાન્તના રુચિતંત્રની ઠાકોરે કરેલી ટીકા ; એ બધી બાબતો વિષે ખરી સ્થિતિ શી છે તે વિષેની ચર્ચા – કાન્ત અને ઠાકોરની મૈત્રીના ફળરૂપે ગુજરાતી સાહિત્યને મળેલાં કેટલાંક કાવ્યો – કાન્ત સાથે ઠાકોરે ગાળેલી રજાઓ ; તે દરમ્યાન મિત્રવર્તુલોમાં ચર્ચાઓ કરતાં કરતાં ઠાકોરે પોતાના મનમાં સાકાર કરવા માંડેલા છંદો વિષયક વિચારો – કાન્ત આગળ ઠાકોરનો લઘુતાભાવ ઓસરીને, વધવા માંડેલો ગુરુતાભાવ – ઠાકોરના મનમાં સાકાર થવા માંડેલી તેમની કવિતાકલા વિષયક આગવી સૂઝ – ઠાકોરે સેવેલો એક નવલિકા અને એક નવલકથા રચવાનો નિષ્ફળ મનોરથ – રમણભાઇ નીલકંઠના એક નાટ્યવિષયક લેખની ઠાકોરે કરેલી ટીકા ; ઠાકોરે વાંચવા માંડેલા પાશ્ચાત્ય અને

પૌરસ્ત્ય વિવેચકો ; ઠાકોરે કેટલાંક પુસ્તકોના અનુવાદનો કરેલો વિચાર - સાહિત્યકાર થવા માટે સાહિત્યમાં લેવા માંડેલા રસ ઉપરાંત શિક્ષણ, સમાજ, સંસ્કૃતિ, ધર્મ, ઇતિહાસ, રાજકારણ વગેરેના પ્રશ્નોમાં ઠાકોરે તેમના વિદ્યાર્થીકાળ દરમ્યાન લીધેલો રસ ; જુદાંજુદાં ચર્ચામંડળોમાં સક્રિય ભાગ લઇને વક્તૃત્વકૌશલ મેળવવા માટે ઠાકોરે કરેલા પ્રયત્નો - અભ્યાસેતર પ્રવૃત્તિઓ તથા મહત્ત્વાકાંક્ષાઓ અને અભ્યાસપ્રવૃત્તિ વચ્ચે ઠાકોરના ચિત્તે એ અરસામાં અનુભવેલી ભારે દ્વિધાગ્રસ્તતા - કોલેજની ઇતર પ્રવૃત્તિઓમાં ઠાકોરે લીધેલો ભાગ - વિદ્યાર્થીઅવસ્થામાં ઠાકોરે નાટકમાં ચારેક વખત લીધેલો ભાગ - દૂરનાં ધ્યેયોને માટે નિકટની જવાબદારીઓનો ભોગ નહીં અપાવા દેવાનું ઠાકોરનું વલણ ; પોતાના કુટુંબ પ્રત્યે તેમણે અદા કરેલી જવાબદારીઓ ; પુત્રો પ્રત્યેનો તેમનો વ્યવહાર, પુત્રો પ્રત્યેનાં તેમનાં વલણો ; કૌટુંબિક જવાબદારીઓ અદા કરવા તેમણે વૃધ્ધાવસ્થામાં યે કામધંધો મેળવવા કરેલા પ્રયત્નો, વૃધ્ધાવસ્થા દરમ્યાનની તેમની વિટંબણાઓ - ઠાકોરે આખર લગી કર્યા કરેલું સાહિત્યસેવાનું વૈવિધ્યપૂર્ણ કાર્ય ; તેમણે કરવા ધારેલાં પણ અધૂરાં રહી ગયેલાં કેટલાંક સાહિત્યિક કાર્યો - ગુજરાતના પ્રકાશકો, પ્રકાશનસંસ્થાઓ વિષે ઠાકોરનું મંતવ્ય - "ધિ બી. સેહની પ્રકાશન બિરાદરી લિમિટેડ"-ની સ્થાપના, તેની પાછળના આશયો - (પરિચિત વ્યક્તિઓ માટે ઠાકોરે યોજેલી ગુપ્ત સંજ્ઞાઓ, ખાનગી વાતોને ડાયરીમાં નોંધવા તેમણે યોજેલી ગુપ્ત લિપિ) - ગુજરાતી સાહિત્ય પરિષદની ભંડોળ કમિટિના મંત્રી લેખે ઠાકોરનું કાર્ય, એ કાર્ય માટે તેમણે અપનાવેલી પ્રશસ્ય પધ્ધતિઓ - ગુજરાતી સાહિત્ય પરિષદના ત્રીજા અધિવેશનમાં મંત્રી લેખે ઠાકોરની કામગીરી - પરિષદનું બંધારણ સુધારવા અને મુનશીની એકહથ્થુ સત્તાને તોડવા માટે તેમણે કરેલા પ્રયત્નો -ગુજરાતી

સાહિત્યમાં અને સાહિત્યકારોમાં પોતાની ને પોતાનાં વિચાર-વલણોની વગ વધારવા, પ્રતિષ્ઠા સાધવા ઠાકોરે કરેલા પ્રયત્નો - ખબરદાર સાથેના તેમના સંબંધો - ન્હાનાલાલ સાથેના તેમના પૂર્વ-કાલીન અને ઉત્તરકાલીન સંબંધો - ર. વ. દેસાઇ, કાલેલકર, મેઘાણી, સાતવળેકર, જ્યોતીંદ્ર દવે, રાયચુરા, દુલા કાગ જેવી અન્ય વ્યક્તિઓ તરફનાં તેમનાં વલણો - મ. ન. દ્વિવેદી સાથેના તેમના સંબંધો - લોર્ડ હાર્ડિંગ મેળા કમિટિ અને કાઠિયાવાડ દુકાળ સંકટ સમિતિના મંત્રી તરીકેની તેમની કામગીરી, તેમને સરકારે એનાયત કરેલો "દીવાન બહાદુર"નો ખિતાબ, "દુષ્કાળ" કાવ્યની રચના

૮ પ્રતિક્રિયાત્મક વલણોથી ઘડાયેલું ઠાકોરનું માનસ: ઠાકોરના વ્યક્તિત્વ, પ્રવૃત્તિઓ, વિચારવલણોના હાર્દની સંક્ષિપ્ત પણ સારગ્રાહી આલોચના

## પ્રકરણ બીજું : વિવેચન :

૧ નર્મદ, નવલરામ, મણિલાલ, રમણભાઇ, ન્હાનાલાલ, નરસિંહ-રાવનાં સાહિત્યમીમાંસા વિષયક મતવ્યોનો ભૂમિકારૂપ સંક્ષિપ્ત પરિચય

૨ ઠાકોરના તેમની વિવેચનાપ્રવૃત્તિ પાછળના આશયો ; વિવેચના-પ્રવૃત્તિ વિષેનાં તેમનાં ધોરણો, આદર્શો

3 કાવ્યકૃતિના નિર્માણમાં પોતાને આવશ્યક લાગેલાં તત્ત્વોનો ઠાકોરે તેમનાં "લિરિક" અને "નવીન કવિતા વિષે વ્યાખ્યાનો"માં કરેલો ઉલ્લેખ - તેમનાં લખાણોમાં કોઇપણ એક સ્થળે, એ તત્ત્વોમાંના કોઇપણ એક તત્ત્વની યે સંપૂર્ણ તલાવગાહી સર્વગ્રાહી છણાવટનો અભાવ -

એ તત્ત્વો વિષેની તેમની વિભાવનાઓનો, તેમનાં મંતવ્યોનો તેમનાં ઉક્ત પુસ્તકો તથા અન્ય લખાણોમાં થયેલી તદ્વિષયક છૂટીછવાયી ચર્ચા વિચારણાઓને આધારે પરિચય – એ તત્ત્વો વિષેની તેમની વિભાવનાઓ, તેમનાં મંતવ્યોની સમીક્ષા – એ તત્ત્વો વિષેની તેમની વિભાવનાનાં, તેમનાં મંતવ્યોનાં પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાગત ઉદ્ભવસ્થાનોનો સવિસ્તર નિર્દેશ ; એ ઉદ્ભવસ્થાનરૂપ મૂળ વિચાર-બિંદુઓની યથાવશ્યક ચર્ચા

૪ કાવ્યમાં ઊર્મિ (ઊર્મિવત્તા, ઊર્મિપ્રધાનતા)ના સ્થાન વિષેની ઠાકોરની માન્યતા – એ માન્યતાને ઘડનારાં પરિબળો – એ માન્યતાની સમીક્ષા – કાવ્યમાં વિચારતત્ત્વ અને ઊર્મિતત્ત્વનું સહિતત્વ, કાવ્યમાં "હૃદયનો વ્યાપાર", કાવ્યમાં "ઊર્મિરંગનું ઐક્ય" એ મુદ્દાઓ વિષે ઠાકોરના વિચારોની ચર્ચા – કાવ્યમાં ઊર્મિના સ્થાન વિષેનું ટી. એસ. ઇલિયટનું વિશિષ્ટ દૃષ્ટિબિંદુ

૫ કાવ્યમાં વિચારપ્રધાનતા વિષેનું ઠાકોરનું મંતવ્ય : ઠાકોરની વિચારપ્રધાનતાવિષયક વિભાવના, એ વિભાવનાના (વિષયવિભાવન અને આલેખનપદ્ધતિમાં મૌલિકતા, કૃતિમાં સુશ્લિષ્ટતા વગેરે) આનુષંગિક મુદ્દાઓનો ઠાકોરનાં લખાણોને આધારે પરિચય – "વિચાર" દ્વારા ઠાકોરને કાવ્યના માધ્યમરૂપ શબ્દ વડે સામાન્યતઃ નિર્દેશાતો "અર્થ" કે "વિચાર" અભિપ્રેત હતો કે "તાત્ત્વિક વિચાર" અભિપ્રેત હતો ? – ઠાકોરની વિભાવના, માન્યતાઓના ઘડતરમાં ભાગ ભજવી ગયેલાં પાશ્ચાત્ય વિવેચકોનાં દૃષ્ટિબિંદુઓ, મંતવ્યો – પાશ્ચાત્ય વિવેચકોએ કાવ્યમાં કયી જાતના વિચારતત્ત્વને સ્થાન આપ્યું છે ? એ વિચારતત્ત્વની કાવ્યગત અગત્ય પર તેમણે કેટલો, કયા રૂપનો ભાર મૂક્યો છે ? વિચારતત્ત્વની સ્વરૂપગત અને માત્રાગત

અગત્ય સ્વીકારવાની બાબતમાં પાશ્ચાત્ય વિવેચકો કરતાં ઠાકોર કેવી રીતે અને કેટલે અંશે જુદા પડે છે ? – કાવ્યમાં સત્ય, ફિલસૂફી, જ્ઞાનના આલેખન વિષેનાં પાશ્ચાત્ય વિવેચકોનાં મંતવ્યો – વિચાર-પ્રધાનતાના વાદને ઠાકોરે કોઇ પણ એક સ્થળે બધી જ સાધકબાધક દલીલો સહિત સંપૂર્ણ રીતે અને નિ:શેષ સવિસ્તરતાએ ચર્ચ્યો નથી તેથી તેમનાં મંતવ્યોને પૂરા સંતોષથી અવગત કરવામાં પડતી અગવડ – સાહિત્યનું માધ્યમ ભાષા હોવાથી અર્થપ્રવાહ કે વિચાર-પ્રવાહ વિના કવિતા તો શું પણ અન્ય પ્રકારની સાહિત્યકૃતિઓ ય જો સંભવી શકતી ન હોય તો વિચારતત્ત્વ કે અર્થતત્ત્વને કવિતાના આત્મારૂપ વ્યાવર્તક લક્ષણ ગણાવી શકાય ખરું ? – પદાર્થોને જોવાની કવિની આગવી દૃષ્ટિ ; પદાર્થોને અનુભવવાની તેની આગવી પધ્ધતિ; તેમાંથી નિપજતી તેની આગવી વિશિષ્ટ વિચારમાલા ; એને વ્યક્ત કરવા માટે તેને વિનિયોજવી પડતી આગવી વિશિષ્ટ ભાષા ; કાવ્યમાં માધ્યમનું, Technique નું મહત્ત્વ ; કાવ્ય રચાતા પહેલાંનો કવિચિત્તમાં રહેલો "વિચાર" અને કાવ્ય રચાઇ રહે ત્યારે કાવ્યમાં સિધ્ધ થઇ રહેતો "વિચાર" – સર્જાયેલી કાવ્યકૃતિમાં "વિચારનું એકાંગી મહત્ત્વ સ્વીકારવાથી કૃતિને થતો અન્યાય – કાવ્યનાં "વિચાર" સિવાયનાં અન્ય ઘટકો ; કાવ્યનો આસ્વાદ એટલે કાવ્યમાંના "વિચાર"નો એકલાનો આસ્વાદ નહીં પણ કાવ્યનાં અન્યોન્યસંપૃક્ત સર્વ અવયવોની એકાત્મકતામાંથી નીપજતો, પરસ્પર સંયોજાયેલાં સર્વ ઘટકો વડે સુશ્લિષ્ટપણે નિર્માયેલી સમગ્ર કૃતિનો આસ્વાદ – સર્જાયેલી કલાકૃતિ કોઇ "સત્ય", "સત્", "સત્તા" કે "દર્શન"નું વાહન માત્ર હોય છે કે પછી એ કલાકૃતિ પોતે જ કોઇ "સત્ય", "સત્", "સત્તા" કે "દર્શન" બની રહેતી હોય છે ? – કાવ્યમાં "બુધ્ધિનું સત્ય" કે "લાગણીનું સત્ય ?" – તત્ત્વજ્ઞાન કયે પ્રકારે કાવ્યમાં આલેખાઇ શકે ? – કાવ્યમાં આલેખાતા અને આસ્વા-

દાતા વિચારો કોના ? સર્જકના ? ભાવકના ? કે પછી બીજા
કશાકના ? – કવિ ભાવકચિત્તમાં કશુંક સંક્રાન્ત કરે છે યા બીજી
કોઇ અસર પેદા કરે છે ? – ઠાકોરની પોતાના પ્રિય વાદને
પ્રતિષ્ઠાપવામાં રહી ગયેલી મર્યાદાઓ અને એનાં અનિષ્ટ પરિણામો–
કવિની સર્જકતા – કવિની પ્રતિભા કેટલે અંશે ઇશ્વરદત્ત અને કેટલે
અંશે આયાસસાધ્ય ? – ઠાકોરે ચર્ચેલાં પ્રતિભાનાં વિઘ્નો –
કવિતાની સમુત્ક્રાન્તિપોષકતા, સંસ્કૃતિઉધ્ધારકતા, પ્રજાસેવા
વિષેના ઠાકોરના વિચારોની ચર્ચા – કલા સાથે ધર્મનીતિભાવના,
માનવજીવનના સંબંધો વિષેના ઠાકોરના વિચારોની ચર્ચા –
કવિતામાં, સાહિત્યમાં ભાવનાના આલેખનું અને અનુભાવનનું સ્વરૂપ,
તે વિષે ઠાકોરના વિચારોની ચર્ચા – પૂર્વ અને પશ્ચિમની કલા–
ભાવના વચ્ચે ઠાકોરે બતાવેલો ભેદ – "કલા ખાતર કલા"ના વાદ
વિષે, કલામાં પ્રચારકામના વિષે, કવિતામાં Form and Content
વિષે ઠાકોરનાં દૃષ્ટિબિંદુઓ – મમ્મટના સૂત્રનું તેમણે કરેલું અર્થઘટન –
શીલપોષક, ચારિત્ર્યોન્નાયક, પ્રગતિશીલ સાહિત્યનું ઠાકોરે
દર્શાવેલું સ્વરૂપ અને મહત્ત્વ ; એ વિચારણામાં તેમણે અખત્યાર કરેલાં
સાહિત્યેતર આગંતુક ધોરણો – સાહિત્યને કયા અર્થમાં "શુભ" કે
"અશુભ" કહેવાય ?– સાહિત્યમાં નીતિઅનીતિના આલેખન વિષે
ઠાકોરના વિચારો – મધ્યકાલીન વિવેચકોની અપરુચિ વિષે
ઠાકોર – સાહિત્યમાં ભાવનામયતા વિરુધ્ધ વાસ્તવિકતા વિષે
ઠાકોરનો મત – દલિતોપીડિતો વિષેનાં કાવ્યોમાંના વિષયા–
લેખન સામે ઠાકોરનો વિરોધ – આધુનિક નાટકોમાંની "વધારે
પડતી વાસ્તવિકતા" ઉપર ઠાકોરની ટીકા – તેમણે પાડેલા
"વાસ્તવ"ના બે પ્રકારો – સાહિત્યમાં ઐતિહાસિક ઘટનાઓ અને
દંતકથાઓના નિરૂપણ વિષેનું તેમનું દૃષ્ટિબિંદુ – જૂના સાહિત્યમાં
થયેલા ઐતિહાસિક ઘટનાઓના નિરૂપણ અંગે તેમનું મંતવ્ય – કાવ્યમાં

અલંકારના સ્થાન પરત્વે ઠાકોરના વિચારો ; કાવ્યની અલંકારાત્મકતા વિષેનું એક અભિનવ દૃષ્ટિબિંદુ

૬ પોતાનું આગવું "પિંગળ" હોવા વિષે ઠાકોરે કરેલો દાવો – ઠાકોરને Blank Verse નો તેમના અભ્યાસકાળ દરમ્યાન થયેલો પરિચય – ગુજરાતીમાં સળંગ અગેય પ્રવાહી પદ્યરચનાની ઠાકોરને એ વખતે જણાયેલી અગત્ય, એ માટે તેમણે ત્યારથી કરવા માંડેલા પ્રયત્નો ; કવિતાકલા અને સંગીતકવિતા વચ્ચે તેમણે દર્શાવેલો ભેદ ; સળંગ અગેય પ્રવાહી પદ્યરચના માટે તેમને બીજા છંદોની તુલનાએ પૃથ્વીની જણાયેલી વિશેષ યોગ્યતા – ગદ્યને કાવ્યનું સમુચિત વાહન માનવા પ્રત્યે ઠાકોરની નાપસંદગી ; પદ્યને જ કાવ્યનું સમુચિત વાહન માનવાનો તેમનો મત ; ન્હાનાલાલના અપદ્યાગદ્યની તેમણે એ અન્વયે કરેલી ટીકા – સળંગ અગેય પ્રવાહી પદ્યરચના સાધવા માટે ઠાકોરે પ્રાસભંગ, યતિભંગ, શ્લોકભંગની કરેલી હિમાયત, એવી હિમાયત માટેનાં કારણો – ઠાકોરે અનુરોધેલા પદ્યગત શ્રુતિભંગની યોગ્યાયોગ્યતા – છંદની એકતાનતા તોડવા માટે તેમણે સૂચવેલા ઉપાયો – કાવ્યમાં છંદ અને અર્થની પારસ્પરિક ઉપકારકતા – ભિન્નભિન્ન કલાઓનાં માધ્યમનો ઠાકોરે કરેલો વિચાર, તે માટે તેમણે વાપરેલી પરિભાષા ; કવિતા અને ચિત્રકલા, કવિતા અને સંગીતકલાનાં સામ્યાસામ્યનો ઠાકોરે કરેલો વિચાર – ઠાકોરનાં યતિવિષયક મંતવ્યોમાં રા. વિ. પા.એ જોયેલા વાંધા ; રા. વિ. પા.નાં તદ્વિષયક મંતવ્યો – કવિતાનું અર્થાનુકૂલ અને નાટ્યકવિતાનું સાભિનય પઠન કરવા વિષે ઠાકોરનો આગ્રહ – કાવ્યગત અગેયતા અને પાઠ્યતાનો ઠાકોરના પુરોગામીઓએ કરેલો વિચાર ; ઠાકોરના સમકાલીન રાજારામ ભટ્ટે ઠાકોર પહેલાં વ્યક્ત કરેલું કાવ્યગત અર્થપ્રાધાન્ય, પ્રાસભંગ, યતિભંગનું મહત્ત્વ અને ઔચિત્ય – છંદ એટલે ભાષાનિરપેક્ષ ગાણિતિક માપ નહીં પરંતુ ભાષાની વિશિષ્ટ ઉચ્ચારણપદ્ધતિએ ઘડાયેલા વ્યક્તિત્વવાળી, કવિના શ્રુતિવ્યોમમાં જામતા નાદવાદલે

સાકાર થતી કોઇ ચીજ છે : એવો ઠાકોરનો સિધ્ધાંત – ઠાકોરનાં છંદો વિષયક દૃષ્ટિ બિંદુઓનું પાશ્ચાત્ય વિવેચકોની વિચારણાઓમાંથી મળતું પગેરું – ગુજરાતી સાહિત્યક્ષેત્રે મહાકાવ્યોચિત અને સળંગ પદ્ય-રચનાઓ ઉપજાવવાના થયેલા ભિન્નભિન્ન (ન્હાનાલાલની પદ્યાભાસી રચના સહિત) પ્રયત્નો ; આપણે ત્યાં છંદ:ક્ષેત્રે ઝિલાયેલી એ સિવાયની બીજી પશ્ચિમની અસરો ; એ વિષે ઠાકોરના પ્રત્યાઘાતો ; અપદ્યાગદ્ય, અભ્યસ્ત વૃત્તો, શાર્દૂલવિક્રીડિત, તોટક, કટાવ, રામછંદ, ગુલબંકી, ઝૂલણા, મનહર, મુક્તધારા, પચાર, વનવેલી, અનુષ્ટુપ, મિશ્રજાતિ, પૃથ્વી, પૃથ્વીતિલક, સવૈયા જાતિ, લાવણી જાતિ, હરિગીત જાતિ, સોમરાજિ જાતિ, ગજ છન્દ, લલિત, દ્રુતવિલંબિત છંદો વિષે ઠાકોરની ચર્ચાઓ ; ઠાકોરનાં પૃથ્વીછંદવિષયક દૃષ્ટિબિંદુઓની ખબરદારે અને રા. વિ. પા.એ કરેલી ચર્ચા, ઠાકોરના પૃથ્વીતિલક વિષે રા. વિ. પા.-નું દૃષ્ટિબિંદુ – ઠાકોરનું અપ્રગટ "ગુજરાતી પિંગલબોધ" યાને "પિંગલપાઠ" – ઠાકોરે યોજેલો નવો "જલંગી" છંદ – ઠાકોરે તેમના શાકુન્તલના અનુવાદમાં પ્રયોજેલી આર્યાઓ ઉપરથી ન.ભો. દિ. અને તેમની વચ્ચે ઉપસ્થિત થયેલો વિવાદ, એ વિવાદમાં વ્યક્ત થયેલાં તેમનાં એ છંદ:પ્રયોગવિષયક દૃષ્ટિબિંદુઓ – ઠાકોરે કરેલા "શાલિની અને મૃદંગનો ઉપજાતિ", "ગદ્યપદ્ય", "પદ્યકિરણ" નામના છંદ:પ્રયોગો – "ગુજરાતી પિંગલબોધ"ની રચના પાછળના ઠાકોરના આશયો ; એ પુસ્તકનું અને એ પુસ્તકને રચવા તૈયાર થયેલા ઠાકોરનું છંદોમીમાંસાક્ષેત્રે કેટલું ગજું ? – ઉક્ત પુસ્તકના ઉપલબ્ધ ભાગમાં ઠાકોરે છંદના પ્રકારો, છંદનાં વર્ણ લઘુગુરુભેદાદિ સામાન્ય તત્ત્વોની કરેલી પ્રાથમિક ચર્ચા ; એ ચર્ચામાંથી જણાઇ આવતી ઠાકોરની પિંગલશાસ્ત્રી તરીકેની યોગ્યાયોગ્યતા– "પિંગળ મિતાક્ષરી"માં ઠાકોરે ચોપાઇ, દોહરો, કવિત વિષે કરેલી ચર્ચા ; ગદ્યપદ્યનાં ભેદક લક્ષણોની ચર્ચા ; છંદોબંધના

જુદાજુદા પ્રકારોની ચર્ચા – ગદ્યપદ્યની જુદીજુદી વિશેષતાઓ વિષેનાં ઠાકોરનાં અન્યત્ર રજૂ થયેલાં દૃષ્ટિબિંદુઓ – ઠાકોરે નિર્દેશેલાં સારી પદ્યરચનાનાં આવશ્યક લક્ષણો

(૭) ગુજરાતી સાહિત્ય, ગુજરાતી સાહિત્યકારો, સાહિત્યકૃતિઓ વિષેના ઠાકોરના માતબર અભ્યાસની મૂલ્યવત્તા – ઇતિહાસજ્ઞ અને ઇતિહાસવિધાયક ઠાકોર – ગુજરાતી સાહિત્યના પ્રવાહો, યુગો વિષે ઠાકોરનું દૃષ્ટિબિંદુ – સાહિત્યકારોના મૂલ્યાંકનમાં, સાહિત્યકૃતિઓનાં અવલોકનમાં તથા સાહિત્યસિદ્ધાન્તોની રજૂઆતમાં ઠાકોરે અખત્યાર કરેલી પદ્ધતિઓની, અને અખત્યાર કરેલા દૃષ્ટિકોણોની તથા એમાંથી ઊભાં થતાં કેટલાંક ચર્ચાસ્પદ દૃષ્ટિબિંદુઓ વિચારબિંદુઓની ચર્ચાસમીક્ષા – નવલકથા, નવલિકા, નાટક વગેરે સાહિત્યસ્વરૂપો ; ખંડકાવ્ય, આખ્યાનક, પ્રસંગકાવ્ય, મહાકાવ્ય, લિરિક, સોનેટ, ઓડ, આઇડિલ, એલેજી વગેરે કાવ્યપ્રકારો વિષે ઠાકોરની ચર્ચાઓ – ઠાકોરની સમીક્ષાદૃષ્ટિની કેટલીક ક્ષતિઓ

(૮) ઠાકોરનાં કેટલાંક ભાષાશાસ્ત્રવિષયક મંતવ્યોની ચર્ચા

<u>પ્રકરણ ત્રીજું : કવિતા :</u>

(૧) કવિતાવિષયક કાવ્યો : આ કાવ્યોમાં વ્યક્ત થયેલાં કવિનાં કવિતાવિષયક મંતવ્યો – એ મંતવ્યોની તાત્ત્વિક સમીક્ષા – એ મંતવ્યોની કાવ્યાત્મક અભિવ્યક્તિ સાધવા માટે કવિએ પ્રયોજેલી પદ્ધતિઓ ; એ પદ્ધતિઓની સમીક્ષા – વિદેશી કવિઓનાં કવિતા–વિષયક કાવ્યોની તુલનાએ ઠાકોરનાં તદ્વિષયક કાવ્યોની ગુણદોષવત્તા – પાશ્ચાત્ય (તેમ જ ભારતીય) કવિઓ, વિવેચકોનાં વિચાર–બિંદુઓનું ઠાકોરનાં કાવ્યોમાં પ્રતિબિંબ – પાશ્ચાત્ય કવિઓનાં

આ વિષયનાં કાવ્યોનો ઠાકોરે કરેલો અનુવાદ ; અનુવાદ તરીકે તેમનું મૂલ્યાંકન

2 "પ્રેમનો દિવસ": આ કાવ્યમાળાનો સામાન્ય પ્રાથમિક પરિચય - વિષયનું પરલક્ષી, પાત્રનિષ્ઠ અને પ્રસંગનિષ્ઠ નિરૂપણ, એમાં આવેલી નાટ્યાત્મકતા ; નિરૂપણશૈલી, વર્ણનશૈલી, સંવાદ-યોજના, અભિવ્યક્તિચ્છટાઓ ; કાવ્યોની અને કાવ્યનિરૂપિત પ્રસંગોની સંકલના ; ભાષા અને છંદ ; પ્રતીકો, પ્રતિકલ્પો, અલંકારો અને એમાં નિસર્ગતત્ત્વોનો ઉપયોગ ; પ્રેમની ફિલસૂફી અને તેના આલેખનમાં કાવ્યાત્મકતા.... વગેરે મુદ્દાઓના અનુલક્ષમાં એ કાવ્યમાળાનાં સત્તર સોનેટોમાંના પ્રત્યેકની ક્રમવાર આસ્વાદયુક્ત સમાલોચના - "વરવહુ અમે"નું અનુવાદદૃષ્ટિએ મૂલ્યાંકન - "પ્રેમનો દિવસ"નાં પાંચ સોનેટેતર કાવ્યોની ઉપર્યુક્ત પ્રકારની આલોચના

3 "વિરહ" કાવ્યમાળા : કવિની અંગત શોકોર્મિમાંથી કાવ્યમાળાનો ઉદ્ભવ - "પ્રેમનો દિવસ" સાથે વિષય અને તેના આલેખનની દૃષ્ટિએ આ કાવ્યમાળાની સરખામણી - કાવ્યમાળાના "પૂર્વાર્ધ" અને "ઉત્તરાર્ધ"નામક બે વિભાગોની કવિએ કરેલી યોજના, બંને વિભાગોની આંતરિક સંકલના, બંને વિભાગોનો અન્યોન્ય સંબંધ - કાવ્યોમાં યોજાયેલાં પાત્રો અને પ્રસંગો ; વિષયાલેખનમાં અખત્યાર થયેલી નિરૂપણ, વર્ણન, નાટ્યીકરણ, સંવાદયોજના, irony, flash-back વગેરેની પદ્ધતિઓ ; છંદ, ભાષા, ચિત્રાત્મકતા, કલ્પના, પ્રતીકો, પ્રતિકલ્પો, અલંકારો ; કાવ્યનિરૂપિત દાંપત્ય-ભાવના અને પ્રણયની ફિલસૂફી તેમ જ વિરહજન્ય શોકોર્મિ ; એમાંથી કાવ્યત્વ નીપજાવવાની કવિની શક્તિ..... વગેરે મુદ્દાઓના અનુલક્ષમાં "વિરહ"નાં કાવ્યોની વીગતવાર ચર્ચા - "શાન્તિ" અને "ચકરડું" કાવ્યોનું વિરહકાવ્યોમાં સ્થાન - "વિરહનું આંસુ" કાવ્ય એક ગીત તરીકે ; ઠાકોરની ગીતકાર તરીકેની મર્યાદાઓ

(૪) ઘટનાત્મક કાવ્યો : ઘટનાત્મક કાવ્યોના કાવ્યસ્વરૂપની સામાન્ય ચર્ચા – આપણા સાહિત્યમાં એ પ્રકારનાં કાવ્યો લખનારા કવિઓનો ઉલ્લેખ – ઠાકોરનાં એ પ્રકારનાં કાવ્યો ; એ કાવ્યોનું ત્રણ વિભાગોમાં વર્ગીકરણ – આ પ્રકારનાં ઠાકોરનાં અમૌલિક વસ્તુવાળાં કાવ્યોનાં મૂલસ્થાનોનો નિર્દેશ – "બાલ જડાયું બારીએ" અને "ફરિ એક પળ"નું કાવ્ય તરીકે અને અનુવાદ તરીકે મૂલ્યાંકન – "શેરદોરો", "માતૃસ્નેહ", "દામુ વકીલનો કિસ્સો", "સાધુની સોગઠી", "કાગબાળનું અવસાન", "એક તોડેલી ડાળ", "રાજ્યાભિષેકની રાત", "દુષ્કાળ" અને યુધ્ધવિષયક કાવ્યોની કથાકાવ્યદૃષ્ટિએ તેમ જ ભાષાછંદોયોજનાની દૃષ્ટિએ સમીક્ષા – ઠાકોરનાં કથાકાવ્યોનું કથાકાવ્યો તરીકે એકંદર મૂલ્યાંકન – કાન્ત સાથે ઠાકોરની આ પ્રકારનાં કાવ્યોની બાબતમાં તુલના – ઠાકોરની બે દીર્ઘ કથાકાવ્યકૃતિઓ "નિરુતમા" અને "ગુરુજી"ની સમીક્ષા

(૫) ચિંતનાત્મક કવિતા : આ પહેલાં ચર્ચાયેલાં કાવ્યગુચ્છોમાં ઠાકોરનું ચિંતન – ઠાકોરનાં વૃધ્ધાવસ્થા અને મૃત્યુ વિષેનાં કાવ્યોની ચર્ચા – એમિલિ ડિકિન્સનના "ધિ ચેરિયટ"નામક મૃત્યુવિષયક કાવ્ય સાથે ઠાકોરનાં તદ્વિષયક કાવ્યોની સરખામણી – "સુખદુ:ખ" સોનેટમાળામાં પાત્રયોજના દ્વારા રજૂ થયેલું માનવસંસારનાં સુખદુ:ખો વિષેનું તથા ઇતિહાસના પ્રલંબ પટમાં માનવીએ વેઠેલાં દુ:ખો અને મેળવેલી સિધ્ધિઓ વિષેનું ચિંતન ; કાવ્યમાળામાં થયેલા વિષયાલેખનનું કાવ્યદૃષ્ટિએ મૂલ્યાંકન – "આરોહણ", "ચોપાટીને બાંકડે", "ખેતી"ની ચર્ચા – "આરોહણ" અને વર્ડ્ઝવર્થના "ટિન્ટર્ન એબી"ની સરખામણી – "સર્જન: પ્રકૃતિનું અને માનવીનું", "કુદરતનાં વિરાટ તત્ત્વોને અણુમાનવીનો જવાબ" વગેરે બીજાં કેટલાંક ટૂંકાં ચિંતનાત્મક કાવ્યોની ચર્ચા – ઠાકોરની કવિતામાં, વિશેષે ચિંતનાત્મક કવિતામાં, પ્રકૃતિનો

ઉપયોગ – ચિંતનને કવિતાનું રૂપ આપવા માટે અથવા કાવ્યમાં ચિંતનના વિષયને કાવ્યની રીતે આલેખવા માટે કવિએ અખત્યાર કરેલી પધ્ધતિઓ ; એની વિશેષતાઓ અને મર્યાદાઓ

(૬) વિગ્રહકાવ્યો: આપણી પ્રાચીન અને મધ્યકાલીન યુધ્ધ-કવિતાનું સ્વરૂપ – યુધ્ધઘટના અને માનવજીવન, યુધ્ધકવિતા અને માનવીય મૂલ્યો – જીવનવિષયક, ઇતિહાસવિષયક આધુનિક દૃષ્ટિ-બિંદુ અને અર્વાચીન યુધ્ધકવિતા – ઠાકોરની યુધ્ધકવિતાનાં સંભવિત પ્રેરણાસ્થાન – ઠાકોરની યુધ્ધકવિતામાં વ્યક્ત થયેલાં તેમનાં વિચાર-વલણો – ઠાકોરનાં વિગ્રહકાવ્યોનું કાવ્યદૃષ્ટિએ મૂલ્યાંકન

(૭) બાળકાવ્યો: બાલસાહિત્ય, બાળકાવ્યોની લાક્ષણિકતાઓનો સામાન્ય પરિચય – ઠાકોરનાં બાળકાવ્યોમાં ઉદ્દિષ્ટ વિષયના આલેખનની વિશેષતાઓ, મર્યાદાઓ ; છંદોયોજના અને ભાષાશૈલી – બાળકાવ્યોના બે પ્રકારો ; એ દૃષ્ટિએ ઠાકોરનાં બાળકાવ્યોનું મૂલ્યાંકન

(૮) સ્થળવિષયક અને વ્યક્તિવિષયક કાવ્યો: ઠાકોરનાં નમૂના-રૂપ ચાર સ્થળવિષયક કાવ્યોની ચર્ચા – ચૌદ વ્યક્તિવિષયક કાવ્યોની ચર્ચા – સ્થળ અને વ્યક્તિ વિષેનાં ઐતિહ્યો અને તથ્યોને કાવ્યપદાર્થમાં રૂપાંતરિત કરવાની કવિની શક્તિનું મૂલ્યાંકન – પાશ્ચાત્ય કવિઓનાં ઉક્ત પ્રકારનાં કાવ્યો સાથે ઠાકોરનાં એ પ્રકારનાં કાવ્યોની સરખામણી

(૯) ઠાકોરની કાવ્યબાની: ઠાકોરની કાવ્યબાનીની પદર લાક્ષણિકતાઓની પ્રચુર ઉદાહરણો સહિત ચર્ચા

(૧૦) અનુપૂર્તિ – પાઠાન્તરો: "પ્રેમનો દિવસ"નાં પહેલાં અગિયાર સોનેટોને નમૂનાદાખલ લઇને ઠાકોરની પાઠસુધારણાપ્રવૃત્તિનું કરેલું

અવલોકન - ઠાકોરે પ્રયોજેલાં પાઠાન્તરો પાછળનાં તેમનાં વલણો, ધોરણો, આશયો, કારણો વગેરેની વિચારણા સહિત એ પાઠાન્તરોની કરવામાં આવેલી સવિસ્તર ચર્ચા

## પ્રકરણ ચોથું : અન્ય મૌલિક રચનાઓ :

(૧) નાટકો : "લગ્નમાં બ્રહ્મચર્ય અથવા સંયોગે વિયોગ" અને "ઉગતી જુવાની" : સર્જનાત્મક કૃતિમાં પરમૂલક વસ્તુ લેવા વિષે ઠાકોરનું મંતવ્ય - "લગ્નમાં બ્રહ્મચર્ય"ના કથાવસ્તુની શામળના તથા મેઘાણીના તદ્વિષયક કથાવસ્તુ સાથે સરખામણી - ઠાકોરે મૂળ કથાવસ્તુમાં કરેલા ફેરફારો, એ ફેરફારોની યોગ્યાયોગ્યતા - પ્રસ્તુત નાટકનાં પાત્રો, પ્રસંગો, પાત્રોક્તિઓ, ગીતો, શીર્ષક, કાલવિપર્યાસવાળી વીગતોની ચર્ચા - કૃતિના નાટ્યગુણની ચર્ચા - "ઉગતી જુવાની" : પ્રસ્તુત રચના પાછળના લેખકના આશયો - નાટકનું કથાવસ્તુ ; નાટકનાં પાત્રો, સંવાદો, પ્રસંગો, સંઘર્ષ, નિર્વહણ ; નાટકમાં વ્યક્ત થયેલું ચિંતન ; નાટકમાંનો "અફલાતૂની સંવાદ" ; નાટકમાંનું વિકેન્દ્રી દૃશ્ય ; નાટકની નાટ્યાત્મકતા અને તખ્તાલાયકી ; નાટકમાંનાં ગીતો ; નાટકમાં હાસ્ય રસ ; નાટકની સંકલના, દૃશ્યાંકયોજના ; રંગભૂમિ સજાવટ માટે લેખકે કરેલી સૂચનાઓ - પાત્રો, નાટ્યતત્ત્વ, ક્રિયાતત્ત્વ, કથાતત્ત્વ, સંવાદો વગેરે બાબતોમાં ઉક્ત ઉભય નાટકોની તુલના - નાટ્યસ્વરૂપ અને નાટ્યાભિનયન વિષેનાં ઠાકોરનાં મંતવ્યો

(૨) નવલિકાસંગ્રહ: દર્શનિયું : પુસ્તકમાંની મૌલિક અને અમૌલિક વસ્તુવાળી વાર્તાઓ - વાર્તાઓમાંથી લેખકનો કલાકાર કરતાં વક્તવ્યબોધક તરીકેનો મળતો પરિચય - રૂપકકથાઓના સ્વરૂપનું

ઠાકોરને આકર્ષણ ; તેમની રૂપકાર્યઘટનવૃત્તિ – કથાવસ્તુ, પાત્રાલેખન, પ્રસંગયોજન, વર્ણનો નિરૂપણો, ચિંતનાત્મકતા, ઘટનાલેખનનું સ્વરૂપ, નવલિકાનું કલાસ્વરૂપ વગેરે દૃષ્ટિએ ઠાકોરની નવલિકાઓની ચર્ચા – ઉક્ત નવલિઓની મર્યાદાઓ

3 જીવનચરિત્ર : અંબાલાલભાઇ : જીવનચરિત્રાલેખનની કળા – જીવનાલેખનના બે પ્રકારો : (૧) જીવનકથા, (૨) ચરિત્રવર્ણન – ઠાકોરે પોતાની કૃતિમાં અખત્યાર કરેલી જીવનાલેખનની વિશિષ્ટ પદ્ધતિ ; એ પદ્ધતિના ગુણદોષ ; એ પદ્ધતિ અખત્યાર કરવા પાછળનાં તેમનાં સંભવિત કારણો – અંબાલાલભાઇ વિષેનો ઠાકોરનો દૃષ્ટિકોણ – ગુજરાતી સાહિત્યની વ્યક્તિવિશેષવિષયક કૃતિઓમાં "અંબાલાલભાઇ"નું સ્થાન

## પ્રકરણ પાંચમું : સંપાદનો :

1 ૧ "કાન્તમાલા" : "કાન્તમાલા"ના આઠ સંપાદકોમાંના એક પ્રો. ઠાકોરે તેના સંપાદનમાં અદા કરેલી મોટા ભાગની જવાબદારી – "કાન્તમાલા"ની યોજના ; તેમાં સંપાદકોનો આશય ; સંપાદનગ્રંથ તરીકે તેનું સ્વરૂપ – "કાન્તમાલા"માં કૃતિઓનું વિષયવાર વર્ગીકરણ, એ પ્રમાણે પાડેલા વિભાગોમાંની કેટલીક ખામીઓ – "કાન્તમાલા"-માંના સંવાદો – "કાન્તમાલા"માંનો "કાન્તવિભાગ", એમાં રજૂ થયેલાં કાન્તનાં અને કાન્ત વિષેનાં લખાણો, કાન્તના પત્રો વગેરે વિષે સંપાદનદૃષ્ટિએ ચર્ચા

૨ આપણી કવિતાસમૃદ્ધિ: પ્રસ્તુત પુસ્તકનાં રચના અને પ્રકાશન વિષે, તેમ જ પુસ્તકમાંની કાવ્યો, પ્રવેશક, નિવેદન, ટિપ્પણો, છંદશ્ચર્ચા વગેરે સામગ્રીમાં ઠાકોરે જે તે આવૃત્તિ વખતે કરેલા ફેર-ફારોની સંક્ષિપ્ત તુલનાત્મક માહિતી – વિવરણોમાં ઠાકોરે

વખતોવખત કરેલા ફેરફારોના સ્વરૂપની ચર્ચા – બીજા કવિઓની કૃતિઓમાં પણ ફેરફારો કરવા બાબતના ઠાકોરના વલણની ચર્ચા – કાવ્યકૃતિઓના સ્વીકારઅસ્વીકાર પરત્વે અને કવિઓની પસંદગી-નાપસંદગી અંગે ઠાકોરે અખત્યાર કરેલાં ધોરણો અને આશયોની ચર્ચા ; કવિતાના એક સંપાદનગ્રંથ લેખે પ્રસ્તુત પુસ્તકનું મૂલ્યાંકન – આ પ્રકારના પુસ્તકની યોજના વિષે લે હંટનાં આશયોધોરણો સાથે ઠાકોરનાં આશયોધોરણોની સમાનતા – આ પ્રકારના પુસ્તકમાં વિવરણોનાં સ્વરૂપ અને અગત્ય વિષે ઠાકોરનું મંતવ્ય – ઠાકોરને તેમના પુસ્તકમાં એ મંતવ્યના અનુસરણ પરત્વે સાંપડેલી સફળતા-નિષ્ફળતા ; તેમણે તેમના પુસ્તકમાં આપેલાં વિવરણોના સ્વરૂપની ચર્ચા – વિવરણોમાંથી ઠાકોરના વિવેચનાસિધ્ધાંતોનો અને એ સિધ્ધાંતોની અધિયોજનાનો મળતો પરિચય – ગુજરાતી સાહિત્યમાં એ પ્રકારના અન્ય સંપાદનગ્રંથો ; એમાં ઠાકોરના ગ્રન્થનું સ્થાન

3 સાક્ષરજીવન : ગો. મા. ત્રિ. પ્રત્યે ઠાકોરનો આદરભાવ – સાક્ષરજીવન અને અધ્યાત્મજીવનનું સંપાદનકાર્ય – સાક્ષરજીવનમાં ઠાકોરે જોડેલ એક પ્રવેશક અને એક પરિશિષ્ટ – પ્રવેશકમાં ચર્ચાયેલા મુદ્દાઓ ; પ્રવેશકની ઊણપો – પરિશિષ્ટમાં રજૂ થયેલી અને રજૂ થવી જોઇતી બાબતો

૪ ઈંગ્રેજી લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ : ઉપર્યુક્ત પુસ્તક સાથે પ્રસ્તુત પુસ્તકના સંપાદનની સરખામણી – પ્રસ્તુત પુસ્તકમાં સંપાદકે મૂળ લેખકના લખાણમાં કરેલા અને કરવા ધારેલા ફેરફારો ; એ ફેરફારો પાછળનાં કારણો ; એ ફેરફારો વડે સૂચવાઇ જતી મૂળ લેખકની ઇતિહાસલેખક તરીકેની યોગ્યાયોગ્યતા ; સંપાદનદૃષ્ટિએ એ ફેરફારોનું ઔચિત્યાનૌચિત્ય – પ્રસ્તુત પુસ્તકના પ્રવેશકમાં સંપાદકે ચર્ચેલા મુદ્દાઓ

૫ "ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદ્નો અહેવાલ અને નિબંધસંગ્રહ": પરિષદના ત્રીજા અધિવેશનમાં ઠાકોરે બજાવેલી કામગીરીની ઇયત્તા અને મૂલ્યવત્તા – ઉપર્યુક્ત ગ્રન્થને પ્રકાશિત કરનારી "કારોબારી કમિટી" અને એ ગ્રંથમાંના નિબંધોની પસંદગી વગેરેનું કામ કરનારી "સાક્ષર કમિટિ"માં સદસ્ય તરીકે ઠાકોરે કરેલું કાર્ય – ઉક્ત ગ્રંથના અહેવાલના વિભાગમાંથી એ અધિવેશનની પ્રવૃત્તિઓ વિષે મળતી માહિતી, એ અહેવાલ વિભાગની યોજના અને ગુણવત્તા – નિબંધસંગ્રહના વિભાગની યોજના અને એમાંનું વિષયવૈવિધ્ય – પ્રસ્તુત ગ્રન્થનું સ્વરૂપ, એવા ગ્રન્થોના પ્રકાશનની પ્રવૃત્તિ પાછળના આશયો

૨ મધ્યકાલીન સાહિત્યકૃતિઓનું સંશોધન–સંપાદન : મધ્યકાલીન સાહિત્યના સંશોધન, સંપાદન, પ્રકાશનમાં ઠાકોરને ક્યારથી કેવી રીતે રસ પડવા માંડ્યો હતો ? – અર્વાચીન સાહિત્યની તુલનાએ એ સાહિત્ય પરત્વે ઠાકોરનાં વલણો – મધ્યકાલીન સાહિત્યકૃતિઓનાં સંશોધન, સંપાદન અને પ્રકાશનકાર્ય માટે ઠાકોરે ઘડેલી બે યોજનાઓની સવિસ્તર માહિતી ; એ યોજનાઓ પાછળનાં તેમનાં ધોરણોઆશયો ; એ યોજનાઓની નિષ્ફળતા – "ગુર્જર રાસાવલી"ના સંપાદનમાં ઠાકોરનો ફાળો ; "વિક્રમચરિત્ર રાસ" અને "અંબડ વિદ્યાધર રાસ"ની સંપાદનપુસ્તકો તરીકે ચર્ચા ; એ અન્વયે ઠાકોરની સંપાદનપદ્ધતિની, ઠાકોરનાં સંપાદનકૌશલની, ઠાકોરનાં સંપાદનપદ્ધતિવિષયક, જોડણીવિષયક, લિપિવિષયક, પાઠાન્તરનોંધણીવિષયક મતવ્યોની સમીક્ષા – આદર્શ સંપાદનગ્રંથોનાં આવશ્યક અંગો ; ઠાકોરે પોતાનાં સંપાદનપુસ્તકોમાં સમાવેલાં અને સમાવવા ધારેલાં એવાં અંગો – "અંબડ વિદ્યાધર રાસ"ના નિવેદનમાં ચર્ચાયેલા મુદ્દાઓ – "વિક્રમચરિત્ર રાસ" માટે ઠાકોરે

લખેલું પણ અપ્રગટ રહેલું એક પરિશિષ્ટ – ઠાકોરે સંપાદિત કરીને બહાર પાડવા ધારેલી બીજી બે કૃતિઓ વિષે થોડીક સામાન્ય માહિતી – ગુજરાતના પ્રતિષ્ઠિત સંપાદકો સાથે ઠાકોરના કાર્યસહાયાર્થી સંબંધો – કેટલીક મધ્યકાલીન ગણાતી કૃતિઓ વિષે ઠાકોરના અભિપ્રાયો

## <u>પ્રકરણ છઠ્ઠું : અનુવાદો – અનુકૃતિઓ :</u>

(૧) અનુવાદકલા વિષે ઠાકોરના વિચારો – સંસ્કૃત કૃતિઓના અનુવાદ પરત્વે ઠાકોરનું દૃષ્ટિબિંદુ – "અભિજ્ઞાન શાકુન્તલ", "માલવિકાગ્નિમિત્ર" અને "વિક્રમોર્વશીય"ની, અનૂદિત કૃતિઓ તરીકે, સમીક્ષા – ઉક્ત નાટકોમાંનાં છેલ્લાં બેની મનનિકાઓની સંક્ષિપ્ત ચર્ચા – ઠાકોરનાં અન્ય આનુષંગિક લખાણો : 'The text of Śakuntalā', "શ્રી મહાભારતનું આદિપર્વ – સંશોધિત આવૃત્તિ", "શકુંતલોપાખ્યાન"નો ઠાકોરે કરેલો અભ્યાસ અને અનુવાદ – ગીતા અને મેઘદૂતના અનુવાદના ઠાકોરે કરેલા અધૂરા પ્રયત્નો – ઠાકોરને મેઘદૂતનો અનુવાદ કરવા પ્રેરનારી બાબતો – ઠાકોરના ઉપલબ્ધ મેઘદૂતાનુવાદની અનુવાદ લેખે ચર્ચા, એનાં ઉપલબ્ધ ટિપ્પણોમાં ચર્ચાયેલા મુદ્દાઓ – ગીતાનુવાદ કરવા પાછળ ઠાકોરનાં ધોરણો, હેતુઓ – એ હેતુઓ અને ધોરણોની દૃષ્ટિએ તેમ જ અનુવાદકલાની દૃષ્ટિએ ઠાકોરના ઉપલબ્ધ ગીતાનુવાદની ચર્ચા – ઠાકોરે ગીતા ઉપર લખવા ધારેલી મનનિકા ; એ મનનિકામાં તેમણે સંભવત: ચર્ચવા ધારેલા પ્રશ્નો – "મહાભારત અને ગીતામાં રચનાકાળે બોધ" નામના અપૂર્ણ અપ્રગટ લેખમાં તથા "શીલ અને સાહિત્ય"નામક વ્યાખ્યાનમાં ઠાકોરે કરેલું ગીતાવિષયક ચિંતન

૨ પૂર્વપશ્ચિમની સાહિત્યમીમાંસાઓનો સમન્વયાત્મક પરિચય કરાવતા એક ગ્રંથની યોજના કરવાનો ઠાકોરને આવેલો વિચાર – એ અન્વયે તેમણે કરેલું શંકરનના "સંસ્કૃત લિટરરી ક્રિટિસિઝમ"ના અને એબરક્રોમ્બીના "પ્રિન્સિપલ્સ ઑવ્ લિટરરી ક્રિટિસિઝમ"ના સારોદ્ધારી વિવરણાત્મક અનુવાદ"નું કાર્ય – ઉક્ત બંને લેખકોનાં પુસ્તકોને આધારે ઠાકોરે રચેલી અનુકૃતિઓનું (અને એ અનુકૃતિઓ માટે તેમણે લખેલા પ્રવેશકનું), વિસ્તૃત અવલોકન – ઠાકોરને વિચાર-પ્રધાનતાના અને અર્થઘનતાના તેમના વાદ માટે પૌરસ્ત્ય સાહિત્ય-મીમાંસામાંથી યે સૂચનસમર્થન મળ્યાં હોવાનો સંભવ – લોર્ડ સેમ્યુઅલકૃત "બીલીફ એન્ડ એકશન"ના "માન્યતા અને આચાર" નામે અનુવાદનો ઠાકોરે કરેલો અધૂરો પ્રયત્ન ; એ અનુવાદની સંક્ષિપ્ત ચર્ચા ; એ કૃતિમાં મૂળ લેખકે ચર્ચેલા વિષયોનો ઠાકોરની વિચારધારા પર પડેલો પ્રભાવ, ઠાકોરની કેટલીક કાવ્યકૃતિઓમાંથી મળતાં એ પ્રભાવનાં નિદર્શનો – "ચાલતી કલમે" કે "સ્વતંત્ર કલમે" અનુવાદ કરવામાં લેખકને મળતી સુવિધા અને પડતી અગવડો

3 "ગોપીહૃદય"નું અનુકૃતિ લેખે અવલોકન ; "ગોપીહૃદય"ના પ્રવેશક માટે ઠાકોરે અણુભાઇને કરેલાં સૂચનો ; એ પ્રવેશકમાં અણુભાઇએ ચર્ચેલા મુદ્દાઓમાંથી કેટલાકનો ઠાકોરે વાળેલો પ્રત્યુત્તર – "સોવિયેટ નવજુવાની", "દેશભક્તિનો વ્યોમકળશ", "રાહેલનો ગૃહત્યાગ", "પ્લૂટાર્કના જીવનચરિત્રો"નું અવલોકન – અનુવાદો અને અનુકૃતિઓમાં ઠાકોરે અપનાવેલાં વિસંવાદી સગવડિયાં ધોરણો – અનુપૂર્તિ: ઠાકોરે યોજેલા કેટલાક નવા પર્યાયશબ્દોની ચર્ચા

ઉપસંહાર